**ફોજદારી કેસ નં. ૯૯૨૨/૧૪**

**આંક –૧ નીચે હુકમ :**

આજ રોજ નામદાર લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો, આ કામે આરોપી સામે ઈપીકો એકટની કલમ ૨૯૪(ખ), ૫૦૬(૧), તથા જી. ૧૩૫(૧) મુજબનો ગુનો આક્ષેપાયેલ છે જેની ટ્રાયલ સમરી ટ્રાયલ ચાલવાને પાત્ર છે. આ કામે વારંવાર ફરીયાદી તથા સાહેદને સમન્સ કરવા છતાં પોલીસ તરફથી કોઈ સાહેદોને હાજર રાખવામાં આવતા નથી તેમજ આ કામે ફરીયાદી પોલીસ અમલદાર હોઈ તેમ છતાં પ્રોસેસની બજવણી થયેલ નથી. આમ પ્રોસેસની બજવણી માટે વધુ સમય આપવો ન્યાયોચિત જણાઈ આવતું નથી.

**પી. રામચંદ્ર વિ. કર્ણાટક રાજ્ય – ૨૦૦૨(૨) જી.એલ.આર.પાના નં.૧૫૪૯** ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશશ્રીઓની ખંડપીઠે ઠરાવેલ છે કે, “The criminal court should exercise their available powers such as those under section 309, 311, 258 of the code of criminal procedure, 1973 to effectuate the right to speedy trial” આમ સદરહુ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ હવે જો આરોપીની તથન સાહેદોની બજવણી માટે પોલીસ એજન્સીને વધુ સમય આપવામાં આવે તો આરોપીનો સ્પીરી ટ્રાયલનો હકક નાશ પામે તેમ છે. તેમજ સદરહુ કાર્યવાહીમાં દેરના કરદાતાઓના નાંણાં બિન મહત્વની કાર્યવાહીમાં વેડફાય તેવું જણાઈ આવે છે. આમ નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતાં અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૮ની જોગાવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

૧. ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ની કલમ–૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી/ઓ ના જાતમુચરકો તથા જામીન ખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૪૬ અન્વયે સરકાર શ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન–કિંમતી મુદ્દામાલ કે કિંમતી મુદ્દામાલ જો હોય તો તેને અપીલ સમય બાદ કીમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૧૨/૨૦૧૮

સ્થળ : અમદાવાદ

સ્ટેનો. એચ.એસ.ભરવાડ

(વિશાલ યોગેશભાઈ ત્રિવેદી)

કોડ:જીજે૦૧૨૮૭

ત્રીજા વધારાના સિવીલ જજ ફ.ક.

અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર

અમદાવાદ